T-20 વર્લ્ડકપ | આજની મેચ | દ.આફ્રિકા v/s અફઘાનિસ્તાન ▶ સમયઃ સવારે 11 વાગ્યે ▶ સ્થળઃ અમદાવાદ | ઓસ્ટ્રેલિયા v/s આયર્લેન્ડ ▶ સમયઃ બપોરે 3.00 વાગ્યે ▶ સ્થળઃ કોલંબો | ઇંગ્લેન્ડ v/s વેસ્ટઇન્ડિઝ ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ મુંબઈ

પાકિસ્તાને નાક લીટી તાણી બહિષ્કાર પાછો ખેંચ્યો

મિત્ર દેશોની વિનંતીને ધ્યાનમાં રાખીને અને ક્રિકેટની ભાવનાને સુરક્ષિત રાખવા આ નિર્ણય લેવાયોઃ પાકિસ્તાન સરકાર

હવે તમામ અવરોધો દૂર થઈ ગયા છે, 15 ફેબ્રુઆરીએ ભારત-પાકિસ્તાન હાઈ વોલ્ટેજ મેચ રમાશે

ઈસ્લામાબાદ-ઢાકા, તા. 9 (પીટીઆઈ): T20 વર્લ્ડકપ 2026માં ભારત સામેની હાઈ-વોલ્ટેજ મેચમાં પાકિસ્તાન રમશે કે નહીં તે અંગે ચાલી રહેલી અનિશ્ચિતતાનો આખરે અંત આવ્યો છે. બાંગ્લાદેશના સમર્થનમાં ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની ધમકી આપ્યા બાદ, પાકિસ્તાન સરકારે હવે સત્તાવાર રીતે પોતાની ટીમ મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. શ્રીલંકા અને બાંગ્લાદેશના હસ્તક્ષેપ બાદ આ મડાગાંઠ ઉકેલાઈ છે.

પાકિસ્તાન સરકારે જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું છે કેઃ 'બહુપક્ષીય ચર્ચાઓમાં પ્રાપ્ત થયેલા પરિણામો અને મિત્ર દેશોની વિનંતીને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાન સરકાર પાકિસ્તાન ક્રિકેટ ટીમને ICC મેન્સ T20 વર્લ્ડ કપમાં ભારત સામેની તેની નિર્ધારિત મેચ માટે મેદાનમાં ઉતરવાનો નિર્દેશ આપે છે. આ નિર્ણય ક્રિકેટની ભાવનાને સુરક્ષિત રાખવા લેવામાં આવ્યો છે.'

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના વડા અમીનુલ ઈસ્લામે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે ચર્ચા કરી હતી અને રમત જગતના હિતમાં મેચ રમવા વિનંતી કરી હતી. અગાઉ, સુરક્ષાના કારણોસર ભારતમાં રમવાનો ઇનકાર કરતા બાંગ્લાદેશને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દેવામાં આવ્યું હતું અને તેના સ્થાને સ્કોટલેન્ડનો સમાવેશ કરાયો હતો.

આ પહેલાં સોમવારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસિન નકવીએ આ મુદ્દે ICC સાથે લાંબી મંત્રણા કરી હતી. ICCએ સ્પષ્ટ કર્યું છે કે ભારત સામે રમવાનો ઇનકાર કરવા બદલ બાંગ્લાદેશ પર કોઈ આર્થિક કે વહીવટી દંડ લાદવામાં આવશે નહીં. ICC દ્વારા પ્રતિબંધો લાદવાની ચર્ચાઓ વચ્ચે નક્વીએ આક્રમક વલણ અપનાવતા કહ્યું હતું કેઃ 'તમે જાણો છો કે અમે આ ધમકીઓથી બિલકુલ ડરતા નથી. દરેક વ્યક્તિ અમારા ફિલ્ડ માર્શલ (આસિમ મુનીર)ને ઓળખે છે. અમે કોઈપણ પ્રકારના પ્રતિબંધો વિશે ચિંતિત નથી.' નક્વીએ ભારત સાથે દ્વિપક્ષીય શ્રેણી અને બાંગ્લાદેશ સાથે ત્રિ-કોણીય શ્રેણી ફરી શરૂ કરવાની માંગણીઓ પણ મૂકી છે.

આમ હવે તમામ અવરોધો દૂર થઈ ગયા છે અને પાકિસ્તાની ટીમ 15 ફેબ્રુઆરીએ મેદાનમાં ઉતરવા માટે સજ્જ છે. આ સમાચારથી ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, કારણ કે આ મેચ ટૂર્નામેન્ટની સૌથી મોટી મેચ માનવામાં આવે છે.

સોહાર્દપૂર્ણ ઉકેલ બદલ BCCIએ ICCનો આભાર માન્યો

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): ભારતીય ક્રિકેટ બોર્ડના (BCCI) ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ ટી-20 વર્લ્ડકપમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાનના મેચ બહિષ્કારના મુદ્દે 'બહુ સરસ ઉકેલ' બદલ ICCની પ્રશંસા કરી છે. બાંગ્લાદેશ અને શ્રીલંકાના આગ્રહ બાદ પાકિસ્તાન સરકારે બહિષ્કાર પાછો ખેંચ્યો લીધો છે, જેનો અર્થ છે કે ભારત-પાકિસ્તાન મેચ નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ રમાશે. શુક્લાએ આ સફળતા બદલ ICC અધ્યક્ષ જય શાહ અને અન્ય પદાધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ નિર્ણય ક્રિકેટના હિતમાં ખૂબ મહત્વનો છે અને તેનાથી વિશ્વકપની સફળતામાં વધારો થશે. તેમણે ઉમેર્યું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ચાલુ રહેવું જોઈએ અને તે તમામ પક્ષો માટે સૌથી મહત્વપૂર્ણ છે.

યુએઈને 10 વિકેટે કચડી ન્યૂઝીલેન્ડનો શાનદાર વિજય

યુએઈએ આપેલા 174 રનના લક્ષ્યાંકને ન્યૂઝીલેન્ડે 15.2 ઓવરમાં મેળવ્યો

ટી-20 વર્લ્ડકપમાં યુએઈએ પોતાનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો

ચેન્નાઈ, તા. 10 (પીટીઆઈ): ટીમ સીફર્ટ (અણનમ 89) અને ફિન એલનની (અણનમ 84) તોફાની ઇનિંગ્સ તેમજ બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે 92 બોલમાં થયેલી 175 રનની રેકોર્ડ ભાગીદારીની મદદથી ન્યુઝીલેન્ડે ટી-20 વર્લ્ડપમાં યુનાઇટેડ આરબ અમીરાત (યુએઈ) ને 10 વિકેટે કચડી નાખ્યું હતું. ન્યુઝીલેન્ડે માત્ર 15.2 ઓવરમાં કોઈ પણ નુકસાન વિના 175 રન બનાવી સતત બીજી જીત નોંધાવી હતી. અગાઉ તેણે અફઘાનિસ્તાનને હરાવ્યું હતું. સીફર્ટે 42 બોલમાં 12 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા હતા, જ્યારે એલને 50 બોલમાં 5 છગ્ગા અને 5 ચોગ્ગા સાથે પોતાની કારકિર્દીના 100 આંતરરાષ્ટ્રીય ટી-20 છગ્ગા પણ પૂરા કર્યા હતા. આ 175 રનની ભાગીદારી ટી-20 વિશ્વકપના ઇતિહાસમાં કોઈપણ વિકેટ માટે સર્વશ્રેષ્ઠ ભાગીદારી બની ગઈ છે. અગાઉ, ટોસ જીતીને બેટિંગ કરતા UAEએ 6 વિકેટે 173 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો, જે આ ફોર્મેટના વિશ્વકપમાં તેમનો સર્વોચ્ચ સ્કોર છે. કેપ્ટન મોહમ્મદ વસીમે 45 બોલમાં 66 રન અને અલીશાન શરાકુએ 47 બોલમાં 55 રન ફટકારી બીજી વિકેટ માટે 107 રન જોડ્યા હતા. ન્યુઝીલેન્ડના બેટ્સમેનોએ પાવરપ્લેમાં જ 78 રન ઝૂડીને મેચ પર પકડ બનાવી લીધી હતી અને 28 બોલ બાકી રહેતા એકતરફી જીત મેળવી હતી.

સીફર્ટ-એલનની રેકોર્ડબ્રેક ભાગીદારી

» 175: ટિમ સીફર્ટ અને ફિન એલનની 175 રનની ભાગીદારી એ મેન્સ ટી-20 વર્લ્ડકપમાં ન્યુઝીલેન્ડની પ્રથમ વિકેટ માટેની સૌથી વધુ રનની ભાગીદારી છે. તેમણે લૌ વિન્સેન્ટ અને મેક્કુલમ વચ્ચેની 68 રનની ભાગીદારીનો રેકોર્ડ તોડ્યો છે.

» 175: આ 175 રનની ભાગીદારી એ મેન્સ ટી-20 વર્લ્ડકપમાં ન્યુઝીલેન્ડની કોઈપણ વિકેટ માટેની સૌથી વધુ રનની ભાગીદારી છે. તેમણે ફિલિપ્સ અને ગુપ્ટિલ વચ્ચેના 105 રનના રેકોર્ડને તોડ્યો છે.

» 175: આ 175 રનની ભાગીદારી એ મેન્સ ટી-20 વર્લ્ડકપના ઇતિહાસમાં કોઈપણ વિકેટ માટેની (તમામ દેશોમાં) સૌથી વધુ રનની ભાગીદારી છે. તેમણે ઇંગ્લેન્ડના જોસ બટલર અને એલેક્સ હેલ્સ વચ્ચેના 170 રનના રેકોર્ડને તોડ્યો છે.

» 175: આ 175 રનની ભાગીદારી એ મેન્સ ટી-૨૦ વર્લ્ડકપમાં પ્રથમ વિકેટ માટેની પણ સૌથી વધુ રનની ભાગીદારી છે. અગાઉનો 170 રનનો રેકોર્ડ ઇંગ્લેન્ડના એલેક્સ હેલ્સ અને જોસ બટલરના નામે હતો.

» 175: આ 175 રનની ભાગીદારી ન્યુઝીલેન્ડ માટે ટી-20 ઇન્ટરનેશનલમાં પ્રથમ વિકેટ માટેની સૌથી મોટી ભાગીદારી છે. તેમણે ગુપ્ટિલ અને વિલિયમસન વચ્ચેના 171 રનના રેકોર્ડને પાછળ છોડી દીધો છે.

આઈસીસીએ પીસીબીને કેવી અને કેટલી છુટછાટ આપી તે બાદમાં જાહેર કરાશે

એવી ખાતરી આપવામાં આવી છે કે ભારત સામેની મેચ રમવા માટે તૈયાર થવાથી પાકિસ્તાન ક્રિકેટને લાંબા ગાળે આર્થિક અને વ્યૂહાત્મક ફાયદો થશે

કરાચી, તા. 10 (પીટીઆઈ): ભારત સામેની હાઈ-વોલ્ટેજ મેચનો બહિષ્કાર પાછો ખેંચવા બદલ ICC એ પાકિસ્તાનને કેટલીક મોટી છૂટછાટો આપવાનું વચન આપ્યું છે. જોકે સુત્રોએ જણાવ્યું હતું કે સમજૂતીની સત્તાવાર વિગતો T20 વર્લ્ડકપ પૂર્ણ થયા બાદ જ જાહેર કરવામાં આવશે.

PCB અધ્યક્ષ મોહસિન નકવીએ આ મડાગાંઠ ઉકેલવા માટેની બેઠકમાં ICC સમક્ષ મજબૂત રજૂઆત કરી હતી કે જો બંને દેશો ICCની સફેદ બોલની ટુર્નામેન્ટમાં એકબીજા સામે રમી શકતા હોય, તો વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં 'હોમ એન્ડ અવે' મેચો તટસ્થ સ્થળોએ રમવામાં શું વાંધો હોઈ શકે? તેમણે આ બાબતે ICC પાસે સ્પષ્ટ નીતિની માંગ કરી છે. આ ઉપરાંત, નકવીએ ICC ના કુલ મહેસૂલમાં પાકિસ્તાનનો હિસ્સો વધારવા માટે પણ દબાણ કર્યું હોવાનું મનાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારને એવી ખાતરી આપવામાં આવી છે કે ભારત સામેની મેચ રમવા માટે તૈયાર થવાથી પાકિસ્તાન ક્રિકેટને લાંબા ગાળે આર્થિક અને વ્યૂહાત્મક ફાયદો થશે. હાલમાં PCB ને ખાતરી આપવામાં આવી છે કે આગામી ફાઈનાન્શિયલ સાયકલ દરમિયાન આ તમામ માગણીઓ પર બોર્ડની બેઠકમાં સકારાત્મક નિર્ણય લેવામાં આવશે.

રણજી ટ્રોફીઃ આંધ્ર પ્રદેશને હરાવી બંગાળ સેમિફાઈનલમાં

કલ્યાણી (પ.બંગાળ), તા. 10 (પીટીઆઈ): સુદીપ કુમાર ધરામીની 299 રનની શાનદાર ઇનિંગની મદદથી બંગાળે આંધ્રને એક ઇનિંગ અને 90 રને હરાવી રણજી ટ્રોફીની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. બંગાળના 629 રન સામે આંધ્ર બીજી ઇનિંગમાં માત્ર 244 રનમાં સમેટાઈ ગયું હતું. સ્પિનર શાહબાઝ અહેમદે 4 વિકેટ ઝડપી હતી, જ્યારે નીતીશ કુમાર રેડ્ડીએ આંધ્ર માટે 90 રન બનાવ્યા હતા. હવે 15 ફેબ્રુઆરીએ સેમિફાઇનલમાં બંગાળનો મુકાબલો જમ્મુ-કાશ્મીર સામે થશે.

નેધરલેન્ડે નામીબિયાને 7 વિકેટે હરાવ્યું

નેધરલેન્ડના બાસ ડી લીડેનું ઓલરાઉન્ડ પ્રદર્શન, બે વિકેટ લીધા બાદ અણનમ 72 રન બનાવ્યા

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): બાસ ડી લીડેના 48 બોલમાં અણનમ 72 રન અને બે વિકેટની મદદથી નેધરલેન્ડ્સે ટી-20 વિશ્વકપના ગ્રુપ-એના મુકાબલામાં મંગળવારે અહીં નામિબિયાને સાત વિકેટે હરાવ્યું છે. નેધરલેન્ડ્સના બોલરોએ શિસ્તબદ્ધ પ્રદર્શન કરીને તેને આઠ વિકેટે 156 રન પર રોકી દીધું હતું. ડી લીડેએ અને લોગાન વાન બીકે બે-બે વિકેટ ઝડપી હતી. લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી નેધરલેન્ડ્સની ટીમે ડી લીડેની શાનદાર ઇનિંગની મદદથી 18 ઓવરમાં ત્રણ વિકેટે 159 રન બનાવી લીધા હતા. ડી લીડેએ પોતાની ઇનિંગમાં પાંચ ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા હતા તેના ઓલરાઉન્ડ પ્રદર્શન માટે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' પસંદ કરવામાં આવ્યો હતો.